# ગાંધીનગર સમાચાર નૂતન વર્ષાભિનંદન

## વિશેષ પૂર્તિ - ૨૦૭૫

**તંત્રી સ્થાનેથી...**

# નવા વર્ષે નવા વિચારોને વધાવીએ...

આવો વધાવીએ નૂતન પ્રભાતને... નૂતન વર્ષને.... નૂતન વિચારોને...! પણ ગઈકાલ જયારે આજ બની અને આજ આવતીકાલ બનવા જઈ રહી છે ત્યારે કારણો અને તારણોને નજરઅંદાજ કરી શકાય તેમ નથી. ભૂતકાળને ભૂલવો છે... જરૂર ભૂલવો છે..! આજને ઉજવવી છે અને આવતીકાલના શમણાંને આંજવાં છે, તો થોડો ફ્લેશબેક લઈને આવતીકાલને અજવાળીએ. નવા વિચારોને વધાવીએ. નવા વિશ્વની સંકલ્પનાને સાકાર કરવા વધુ એક કદમની પ્રતિબદ્ધતાને અભિવ્યકત કરીએ... અને એ જ અંતરના ઉમળકાથી અભિવ્યક્ત થતી અભિવંદના. એ જ નૂતન વર્ષાભિનંદન. એ જ શુભકામનાઓ.

વિશ્વભરમાં વિકાસની દોડ જામી છે. વ્યક્તિગત જીવનથી લઈ વૈશ્વિક જીવનમાં વિકાસને અગ્રતા અપાય છે. ખૂબ જ શુભ સંકેત છે. વિકાસની આડપેદાશ સ્પર્ધા છે એ સ્વાભાવિક છે, પરંતુ સ્પર્ધા કોઈના વિકાસને અવરોધક બને ત્યાં સુધીની ટાળવી જોઈએ. ચીન હોય કે અમેરિકા, ફ્રાન્સ હોય કે ઈરાન, ભારત હોય કે જાપાન, સાર્વત્રિક રીતે વિકાસનું આધિપત્ય જામતું જાય છે. પણ હા, ટ્રેડવોર ખતરનાક સ્થિતિનું નિર્માણ કરી શકે એમ છે. ઈરાક અને અમેરિકા, અમેરિકા અને ચીન પશ્ચિમના દેશો અને આરબના દેશો વચ્ચેની ટ્રેડવોર ચિંતાજનક સ્થિતિએ પહોંચી રહી છે. બદલાતા સમયમાં સરહદના યુદ્ધો બંધ થયા અને વેપારના યુદ્ધો શરૂ થયા. દુનિયાના ડાહ્યા દેશોએ મધ્યસ્થી કરી ટ્રેડવોરની સ્થિતિને થાળે પાડવાનો સમય આવી પહોંચ્યો છે. ઉત્તર કોરિયા અને અમેરિકા વચ્ચેનું સમાધાન નવા વર્ષ માટે શુકન ગણાવી શકીએ. વિશ્વની ગતિ વિકાસની વાટે છે અને નવા વર્ષના શુભસંકેત છે.

ભારત પણ વિશ્વની છઠ્ઠી મહાસત્તા બની ગયું છે. તેનું સૌ ભારતીયોને ગૌરવ છે. ટેકનોલોજીમાં અને નોલેજમાં ભારતની ક્ષમતા વિસ્તરતી જાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વહીવટી કૌશલ્યથી દેશ અને દુનિયામાં ભારતનો ડંકો વાગે છે. નકસલવાદ અને આતંકવાદ હજી કયાંક કયાંક પીડા આપે છે. જો એના માટે ઠોસ કદમ ઉઠાવાય તો નેસ્તનાબૂદ કરી શકાય એમ છે. ભ્રષ્ટાચાર વિકાસને ઉધઈની જેમ કોરી રહ્યો છે. દિન-પ્રતિદિન વિસ્તરતો જાય છે અને કયારેક સમગ્ર વહીવટીય તંત્રને ભરખી જશે તેવો ભય વર્તાય છે. અને હા, સી.બી.આઈ., રિઝર્વ બેંક, ઈલેકશન કમિશન, સુપ્રીમ કોર્ટ જેવી સ્વાયત્ત સંસ્થાઓની સામે નાના-મોટા સર્જાતા પડકારો ચિંતાજનક સ્થિતિના એંધાણ આપે છે.

વિકાસ ગુજરાતનો સ્વભાવ છે. દશેય દિશાઓમાં ગુજરાતના વિકાસની ઊંચાઈઓ ગગનને આંબવા પહોંચી રહી છે. રાજકીય અખાડાઓને બાદ કરીએ તો ગુજરાતની ગતિ સ્થિર રહી છે. સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસમાં ગુજરાત મોખરે છે અને મોખરે રહેશે એમાં કોઈ બેમત નથી. પણ શિક્ષણમાં થોડુંક નીચું જોવાપણું ગુજરાતને ખટકે છે. પક્ષપલટાની રાજનીતિ કે રાજકીય સોદાઓ ગુજરાતના સંસ્કારને લજવે છે અને સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ ફુલતો-ફાલતો ભ્રષ્ટાચાર સમાજજીવનને ખૂંચે છે. આમ છતાં ગુજરાતની શાલીનતા એ જ ગુજરાતની સમૃદ્ધિ છે.

... અને છેલ્લે સ્વ મૂલ્યાંકન પણ અનિવાર્ય છે. ઝગમગાટ અને ઝળહળાટની વચ્ચે અમે તો એક નાનકડું કોડીયું છીએ, પણ પ્રકાશ પાથરવાનો અમારો ધર્મ છે. સમગ્ર સમાજને અજવાળવાની ક્ષમતા કે સામર્થ્ય અમારામાં નથી પણ અમે જયાં અને જેટલા પ્રમાણમાં હોઈશું ત્યાં અને તેટલા પ્રમાણમાં ખુમારી અને ખમીરીથી વૈચારિક અજવાળા પાથરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરીએ છીએ. અમારા સંકલ્પમાં અડીખમ સહયોગ આપતા વિજ્ઞાપનદાતાઓ... વાચક પરિવારો... અને અમારા શુભેચ્છકોને નવા વર્ષની નવી સવારે આદરપૂર્વક પ્રમાણ પાઠવીએ છીએ. અને વિશ્વાસ આપીએ છીએ કે મૂલ્યનિષ્ઠ પત્રકારત્વ માટે અમે અડીખમ છીએ. આવો આપણે સૌ સાથે મળી જયાં જયાં અંધકાર છે ત્યાં ત્યાં એક નાનકડો દીવો પ્રગટાવીએ, અજવાશ પાથરીએ.


Education Department Government of Gujarat
AWARDED GANPAT UNIVERSITY FOR
EXCELLENCE IN PLACEMENT ACTIVITIES
for betterment of Education, Society and Nation
GRAND EDUCATION FAIR 2018 | 02-05 FEB 2018

GANPAT UNIVERSITY
॥ विद्यया समाजोत्कर्षः ॥

BEST UNIVERSITY OF THE YEAR
awarded by
ASSOCHAM INDIA
2018

Created as a Private University through enactment of Gujarat State Act No. 19 of 2005 ● Recognized by University Grants Commission under Section 2(f) of UGC Act, 1956 ● Permanent Member of Association of Indian Universities (AIU), New Delhi ● Recognized by Department of Scientific and Industrial Reserch (DSIR), Under Registration of University ● Member of International Association of Universities (IAU), Affiliated to UNESCO, France ● Recipient of Indira Priadarshini Environment and Forests Award, Govt. of India in 2004 ● Japan–India Institute for Manufacturing (JIM) jointly promoted by Ganpat University and Maruti Suzuki Ltd. ● Olympic Standards Indoor–Outdoor Sports Complex ● Start–up Nodal Centre ● 100% Philanthropic Mission

| Total Students Graduated Since Establishment (2005) | Total Current Students | Total teaching staff | Total programs offered (Diploma + UG + PG + Research) | Students joining year-on-year | Total scholarships awarded so far (in amount) | Total scholarships awarded so far (in numbers) | Total Center of Excellence (CoEs) |
|---|---|---|---|---|---|---|---|
| 22230 | 10000+ | 471 | 96+ | 4000+ | 7.12 Cr+ | 5405+ | 06 |

ENGINEERING & TECHNOLOGY
MANAGEMENT STUDIES
COMPUTER APPLICATIONS
ARCHITECTURE, DESIGN & PLANNING
PHARMACY
SCIENCE
COMMERCE & SOCIAL SCIENCES
SKILL DEVELOPMENT

Ganpat University
Ganpat Vidyanagar - 384012, Mehsana-Gozaria Highway, Dist. Mehsana (Gujarat) INDIA.
Website: www.ganpatuniversity.ac.in | Email: info@ganpatuniversity.ac.in | Phone: 02762 - 286080, 286924